ઉમરગામમાં યુવાન વીજ લાઇનના ટાવર પર ચઢી ગયો

■ ઉમરગામ : ઉમરગામ તાલુકાના ભીલાડ નજીકના ઘનોલી ગામે યુવાન જેટકોના હાઇટેન્શન વીજ લાઇનના ટાવર પર ચઢી જતા ચકચાર મચી ગઇ હતી. સરપંચ સહિતના લોકોએ પોલીસને જાણ કરતા પોલીસ, ફાયર વિભાગ તથા વીજ વિભાગ સ્થળ પર પહોંચી હતી. અને વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસે જયંતીભાઈ સાથે વાતચીત કરી તેમને નીચે ઉતાર્યા હતા. આ યુવાન અસ્વસ્થનો હોવાનું અને માનસિક તણાવ કે કોઈક કારણસર આ યુવાન ટાવર ઉપર ચડી ગયો હોવાની ચર્ચા છે. આ યુવાનને ભીલાડ પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યો હતો અને તેની પૂછપરછ કરવામાં આવી હતી.

સીતાવનમાં મૂર્તિ ખંડિત કરવાની ઘટના બાદની સભામાં શબરીધામના સંત સામે વિવાદ

ડાંગ જિલ્લાના રાજવીએ કર્યા સંત અસીમાનંદ સામે આક્ષેપો!

ભગવો ધારણ કરવાથી સંત ન બનવાની કરી ટિપ્પણી

મૂર્તિઓ ખંડિત કરનાર આરોપીઓને ઝડપવાની માંગ વચ્ચે શબરીધામને લઈને ઊભેલા વિવાદે ચર્ચા જગાવી

સાપુતારા : ડાંગ જિલ્લાના ગારખડી ગામના સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાની ઘટનાને લઈને હિન્દુ સમાજમાં રોષનો માહોલ હજુ પણ યથાવત છે. આ મુદ્દે ગારખડીના હનુમાન મંદિર ખાતે એક સંમેલન યોજાયું હતું, જેમાં મૂર્તિ તોડનાર તત્વોને તાત્કાલિક ઝડપી પાડી કડક કાર્યવાહી કરવાની માંગ કરાઈ હતી.

જોકે, આ સભા દરમિયાન ડાંગના વાસુર્ણાનાં રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીએ શબરીધામના સંત અસીમાનંદ સામે જાહેરમાં કેટલાક કથિત આક્ષેપો કરતાં એક નવો વિવાદ સર્જાયો છે.

જ્યારે ડાંગમાં 311 હનુમાન મંદિરનો સંકલ્પ કરનાર પી.પી. સ્વામીએ પણ સમગ્ર મામલે શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવવાની વાત કરી હતી. ત્યારે સભાને સંબોધતા રાજવીએ દાવો કર્યો હતો કે ડાંગના હિન્દુ સંગઠનોને શબરીધામ ખાતે ધાર્મિક કાર્યક્રમો કરવા દેવામાં આવતા નથી અને કેટલાક લોકો માત્ર આર્થિક લાભ મેળવવાના હેતુથી ડાંગમાં આવ્યા છે. રાજવીએ વધુમાં જણાવ્યું હતું કે માત્ર ભગવો ધારણ કરવાથી કોઈ સંત બની જતું નથી, અને આવા લોકોને ડાંગમાંથી જાકારો આપવો જોઈએ. આ નિવેદનની વીડિયો ક્લિપ વાયરલ થયા બાદ અને અખબારોમાં અહેવાલો પ્રગટ થયા પછી શબરીધામના સમર્થકોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

સાધુ સંતોના મંતવ્ય લઈને સમય આવ્યે ખુલાસો કરીશ

આ બાબતે શબરીધામનાં સંત સામે કરેલા કથિત આક્ષેપો અંગે રાજવી ધનરાજસિંહ સૂર્યવંશીને પૂછતા તેમણે જણાવ્યુ હતુ કે મે કરેલા આક્ષેપો અંગે અન્ય રાજવીઓ અને સભામાં ઉપસ્થિત સાધુ સંતોના મંતવ્ય લઈને સમય આવ્યે ખુલાસો કરીશ.

રાજવી પોતાના નિવેદન બદલ જાહેરમાં માફી માંગે તે માટેના પ્રયાસો થઈ રહ્યા હોવાની ચર્ચા છે, પરંતુ રાજવી પોતાના નિવેદન પર અડગ હોવાનું જણાય છે. એક તરફ સીતાવન કાંડના આરોપીઓને ઝડપી પાડવાનો મોટો પડકાર પોલીસ તંત્ર સમક્ષ છે, તો બીજી તરફ શબરીધામને લઈને શરૂ થયેલા આક્ષેપ-પ્રતિઆક્ષેપોથી ઊભી થયેલી સ્થિતિએ ડાંગના ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં ગરમાવો લાવી દીધો છે.

જિલ્લાની શાંતિ અને સામાજિક એકતા રહે તે માટે બંને પક્ષો દ્વારા સંયમ જાળવવામાં આવે અને હકીકતો સામે લાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી રહી છે. તંત્ર અને સમાજના આગેવાનો સામે આ સ્થિતિને શાંતિપૂર્ણ રીતે થાળે પાડવાનો મોટો પડકાર ઊભો થયો છે.

વલસાડ કોંગ્રેસ 'જેન-ઝી અને કિસાન અધિકાર યાત્રા' યોજશે

વશીયરમાં ડમ્પિંગ સાઈટ બનાવવા કોંગ્રેસ દ્વારા રજૂઆત કરાતા નવો રાજકીય ગરમાવો વ્યાપવાની પ્રબળ શક્યતા

વલસાડ : વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જેન.જી. અને કિસાન અધિકાર યાત્રાનું આયોજન અંતર્ગત કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદનું આયોજન કરાયું હતું. કિશન પટેલે જણાવ્યુ કે, તા.૭ સપ્ટેમ્બરથી યાત્રા શરૂ થશે. જિલ્લાના દરેક તાલુકાઓમાં યાત્રાનું આયોજન, તાલુકા મથક ઉપર આવેદનપત્ર અને 19 ઓક્ટોબરે વલસાડ કોંગ્રેસ કાર્યાલયથી રેલી નીકળી કલેક્ટરને આવેદનપત્ર અપાશે. જેમાં આશરે 5 હજારથી વધુ કાર્યકરો ઉપસ્થિત રહેશે. યાત્રા દરમિયાન યુવાનોને મોટી સંખ્યામાં કોંગ્રેસમાં જોડાવા આહવાન કરાશે. સાથે તેમની સાથે સંવાદ કરી તેમની પાસેથી તેમના પ્રશ્નો, પ્રતિભાવો મેળવાશે. કિસાન અધિકાર યાત્રામાં જમીન અધિકાર, સરકારી શીર પડતર જમીનનો હક, સેટેલાઈટ જમીન માપની ભૂલ સુધાર, જાતિના દાખલા પ્રક્રિયા સરળ બનાવવી, સર્પદંશ સારવાર, આયુષ્યમાન કાર્ડમા સામેલ કરવા, યુવાનો, ખેડૂતો, આદિવાસી, શ્રમિકો ઉપરાંત સર્વે સમાજને સાથે રખાશે તેમ જણાવ્યું હતું. વલસાડ જિલ્લામાં ટોક ઓફ ધ ટાઉન બનેલા વશીયર બ્રિજ વિવાદ મુદ્દે કોંગ્રેસ હવે આવનારા દિવસોમાં વશીયર વિસ્તારમાં ડમ્પિંગ સાઈટ બનાવવા નગર પાલિકા, કલેક્ટર, સરકારમાં રજૂઆત કરાશે તેમ જણાવતા હવે આ મુદ્દે વિવાદ થવાની શકયતા પણ રહેલી છે. પાલિકા દ્વારા શહેરથી દૂર ઓવાડા ખાતે ડમ્પિંગ સાઈટ બનાવવા મુદ્દે વિવાદ થયો હતો. ગ્રામજનોએ પણ કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતાં. જો વશીયરમાં ડમ્પિંગ સાઈટ બનાવાઈ તો સમય, ખર્ચ પણ બચી શકે તેમ આગેવાનોએ જણાવ્યું હતું.

૧.૨૬ કરોડની છેતરપિંડીમાં વૃધ્ધાના જમીન ફગાવાયા

નવસારીમાં સાસુ-પુત્રી-જમાઈ સામે છેતરપિંડીનો ગુનો, જમાઈ 'ગલિયો' ઉર્ફે સુરેન્દ્ર ગાંધી વિદેશમાં

નવસારી: લોન બોજા હેઠળની મિલકતનું વેચાણ કરી રૂપિયા ૧.૨૬ કરોડથી વધુની રકમ મેળવી છેતરપિંડી કરવાના આરોપમાં વિજલપોરની ૭૨ વર્ષીય હેમલતાબેન નરેશભાઈ ગાંધીને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ પી.એચ. શેઠે આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરી છે.

ફરિયાદ મુજબ, હેમલતાબેને તેમની પુત્રી નિલમબેન ગાંધી અને જમાઈ સુરેન્દ્રકુમાર ગાંધી ઉર્ફે 'ગલિયો' સાથે મળીને એવી મિલકતનો વેચાણ વ્યવહાર કર્યો હતો, જેના પર બેંકની લોન ચાલુ હોવાનું જણાવાયું છે. આરોપીઓએ મિલકત અંગેનો સોદો કરી ફરિયાદી પાસેથી અવેજ પેટે કુલ રૂપિયા ૧,૨૬,૫૦,૦૦૦ મેળવ્યા હોવાનો આક્ષેપ છે. આ મામલે પોલીસ કાર્યવાહી હાથ ધરાઈ છે.

જામીન અરજીની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે સરકારી વકીલ ટી.સી. સુળેએ દલીલ કરી હતી કે કેસમાં સંડોવાયેલા સહઆરોપી સુરેન્દ્ર ગાંધી હાલ વિદેશમાં છે. હેમલતાબેન પાસે પણ પાસપોર્ટ હોવાથી તપાસ દરમિયાન તેમના વિદેશ ભાગી જવાની શક્યતા હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું. સાથે જ ગુનાની તપાસ હજુ ચાલુ હોવાથી હાલ જામીન આપવાનો વિરોધ કરવામાં આવ્યો હતો.

કોર્ટ સમક્ષ રજૂ થયેલી દલીલો, આરોપીની ભૂમિકા, ગુનાની ગંભીરતા અને તપાસની સ્થિતિને ધ્યાનમાં રાખીને સેશન્સ કોર્ટે હેમલતાબેનની જામીન અરજી ફગાવી દીધી હતી.

દરમિયાન, આરોપી પરિવાર સામે નવસારી તેમજ વિદેશમાં રહેતા કેટલાક લોકો પાસેથી રોકાણના નામે મોટી રકમ મેળવી છેતરપિંડી કરવાના આક્ષેપો સાથે બે કરતાં વધુ ફરિયાદો નોંધાયેલી હોવાનો પણ ઉલ્લેખ થયો છે.

આ કેસોમાં પતિ-પત્ની અને સાસુના નામ સામે આવ્યા હોવાનું જણાવાયું છે. જોકે, આવા તમામ આક્ષેપોની સત્યતા તપાસ અને કોર્ટની અંતિમ કાર્યવાહી બાદ જ સ્પષ્ટ થશે.

મારી સામેના ભ્રષ્ટાચારના આક્ષેપો પાયાવિહોણા:સરપંચ

RO પ્લાન્ટ અને રસ્તાના કામો મુદ્દે એક જૂથ દ્વારા ટાર્ગેટ કરાતા હોવાનો દાવો

વલસાડ : વલસાડ તાલુકાના જાણીતા પ્રવાસન ધામ તિથલ ગ્રામ પંચાયતના સરપંચ સામે ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરરીતિઓના આક્ષેપો થતાં સ્થાનિક રાજકારણમાં ચર્ચા જાગી છે. જોકે, સરપંચ રાકેશ પટેલે આ તમામ આરોપોને સદંતર નકારી કાઢ્યા છે અને જણાવ્યું છે કે ગામમાં RO પ્લાન્ટ, આંતરિક રસ્તાઓ અને પેવર બ્લોકના વિકાસ કાર્યો નિયમોનુસાર અને સંપૂર્ણ પારદર્શિતાથી કરવામાં આવ્યા છે. તેમણે સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે ગામનું એક ચોક્કસ જૂથ અંગત અદાવત અને રાજકીય કિન્નાખોરી રાખીને તેમને બદનામ કરવાના ઈરાદે પાયાવિહોણા આક્ષેપો કરી રહ્યું છે.

તિથલ ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૬ દરમિયાન થયેલા વિવિધ વિકાસ કાર્યો, જેવા કે પેવર બ્લોક, રસ્તા, નાળા-ગટર અને બોર-પાણીની લાઈનોમાં ગેરરીતિ આચરી સરકારી નાણાંની ઉચાપત કરવામાં આવી હોવાની લેખિત રજૂઆત ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી હતી. આક્ષેપકર્તાઓ દ્વારા એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે કાગળ પર કામો દર્શાવીને કમ્પ્લિશન સર્ટિફિકેટ મેળવી લેવાયા છે અને સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલે સરપંચ રાકેશ પટેલે જણાવ્યું હતું કે, ગામના નાગરિકોની સુવિધા માટે સ્થાપિત કરાયેલા RO પ્લાન્ટ તેમજ વિવિધ ફળિયા અને સોસાયટીઓમાં બનેલા રસ્તાના કામો સંપૂર્ણ ગુણવત્તા અને નિયમ મુજબ પૂર્ણ કરવામાં આવ્યા છે. વાસ્તવિક પરિસ્થિતિ ચકાસ્યા વિના ઉપજાવી કાઢેલા દાવા રજૂ કરીને ગામમાં થઈ રહેલા વિકાસ કાર્યોને અવરોધવાનો અને પંચાયતની છબી ખરડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સરપંચે ઉમેર્યું હતું કે તંત્ર દ્વારા જ્યારે પણ કોઈ સ્પષ્ટતા કે પુરાવા માંગવામાં આવશે, ત્યારે તેઓ તમામ સાચા પુરાવા સાથે હાજર થઈને સત્ય સામે લાવશે.

ગુંજન ગુજરાત હાઉસિંગ બોર્ડમાં ગેરકાયદે બાંધકામો સામે નોટિસ

જર્જરિત મકાનો અને ગેરકાયદે દુકાનો સામે સાત દિવસમાં સ્વખર્ચે બાંધકામ ખાલી કરવા તાકીદ

વાપી : વાપી જીઆઈડીસીના ગુંજન વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેનારાઓ દ્વારા ગેરકાયદે બાંધકામો કરવામાં આવ્યા હતાં. ગુજરાત હાઉસીંગ બોર્ડ સુરત દ્વારા ગેરકાયદે બાંધકામ કરનારાઓને નોટિસ આપી હતી અને બાંધકામ ઉપર નોટિસ લગાવી સાત દિવસમાં સ્વખર્ચે દૂર કરી જગ્યા ખાલી કરવા તાકીદ કરવામાં આવી હતી. હાઉસીંગમાં આવેલા મોટે ભાગના મકાનો જર્જરિત બની ગયેલા છે. આ મકાનોના પુનઃનિર્માણ માટે લાંબા સમયથી રજૂઆતો કરવામાં આવી રહી હતી. ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસ યોજનાના વાપી જીઆઈડીસી ગુંજન મુખ્ય માર્ગથી પ્રાઈમ હોટલ અને મોરારજી સર્કલ સુધી તેમજ હાઉસીંગ બોર્ડની સોસાયટીમાં આવેલા અનેક મકાનો મંજૂર નકશા મુજબ સ્થાનિક સત્તામંડળની મંજૂરી વિના થયેલા બાંધકામો અંગે નોટિસ આપવામાં આવી હતી. નોટિસને પગલે ગુંજન વિસ્તારમાં ગેરકાયદે દુકાનો અને બાંધકામ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા જૂના અને જર્જરિત કવાર્ટરો તોડી નવા મકાનો બનાવવાની કયાત હાથ ધરવામાં આવનાર છે. સરકારે એફએસઆઈમાં વધારો કર્યા બાદ ગુંજન સહિત વાપી જીઆઈડીસીના રહેણાંક વિસ્તારોમાં આવેલા વર્ષો જૂના હાઉસીંગ કવાર્ટરોના રીડેવલપમેન્ટને વેગ મળવાની શકયતા છે.

લીલાપોરથી પાર્ક કરેલી બર્ગમેન મોપેડની ચોરી

વલસાડ : વલસાડ તાલુકાના લીલાપોર ગામે અતુલ ફળિયા તળાવ પાસે બ્રહ્મદેવ બાપુના મંદિર નજીક પાર્ક કરેલી સુઝુકી બર્ગમેન મોપેડ ચોરાઈ હતી.

વલસાડના લક્ષ્મી નગરમાં રહેતા અને સેલૂન તેમજ ટૂર ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા યજમાન અયુબભાઈ શેખની મોપેડ તેમનો ક્લીનર ધ્રુવભાઈ લઈને લીલાપોર ગયો હતો. તેણે આ મોપેડ મંદિર પાસે પાર્ક કરી લોક મારી દીધું હતું. પરત ફરીને જોતા પાર્ક કરેલી મોપેડ સ્થળ પર મળી આવી ન હતી. શોધખોળ કરવા છતાં વાહનનો કોઈ પત્તો ન લાગતાં વલસાડ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

નશા માટે પૈસા ન આપતા પુત્રનો માતા-પિતા પર હુમલો

ભીવંડીના નશામુક્તિ કેન્દ્રમાંથી નાસી આવેલા યુવક વિરુદ્ધ વાપી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

વાપી : વાપીના બલીઠા સ્ક્રેપ નગરમાં રહેતી રજિયાબાનુ ગ્યાસુદિન શેખના પુત્ર અબ્દુલ કરીમને નશો કરવાની ટેવ છે. અબ્દુલે નશો કરવા માટે માતા પાસે પૈસા માંગ્યા હતા. માતાએ પૈસા ન હોવાનું જણાવતા તેણે માતાને માર માર્યો હતો.

આ બાદ તે બાજુના રૂમમાં રહેતી તેની બહેન પાસે જઈને રૂમભાડાની માંગણી કરવા લાગ્યો અને ભાડું ન આપે તો રૂમ ખાલી કરવાની અથવા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઝઘડો છોડાવવા વચ્ચે પડેલા પિતાને પણ નશાખોર પુત્રએ માર માર્યો હતો. અગાઉ તેને ભીવંડી સ્થિત નશામુક્તિ કેન્દ્રમાં રાખવામાં આવ્યો હતો, પરંતુ ત્યાંથી પણ તે નાસી આવ્યો હતો અને કોઈ કામધંધો કરતો નથી. આ બનાવ અંગે માતાએ વાપી ટાઉન પોલીસ મથકે પુત્ર વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

લગ્નની લાલચે સગીરાને ભગાડનાર યુવક ઝડપાયો

નાનાપોંઢા પોલીસે સગીરાને સહી-સલામત માતા-પિતાને સોંપી

વલસાડ : નાનાપોંઢા પોલીસે 'મિશન મિલાપ' અંતર્ગત સગીરાને લગ્નની લાલચે લવાછામાંથી ભગાડી જનાર યુવકને ઉત્તર પ્રદેશથી ઝડપી પાડ્યો છે અને સગીરાને માતા-પિતાને સોંપી છે.

સગીરાના પિતાએ નાનોપોંઢા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે યુપીનો યુવકે તેમની દીકરીનું અપહરણ કર્યું છે. આ મામલે પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એન. કાતરિયાએ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી.

દિલ્હીથી યુપીના બનારસ સુધી પહોંચેલી પોલીસ ટીમે ચાર મહિનાથી ગુમ થયેલી સગીરા અને આરોપીને શોધી કાઢ્યા હતા. સગીરાનો કબજો માતા-પિતાને સોંપાતા તેમની આંખોમાં હર્ષના આંસુ જોવા મળ્યા હતા અને તેમણે પોલીસનો આભાર માન્યો હતો. આ સમગ્ર સફળ કાર્યવાહી પી.આઈ. એમ.એન. કાતરિયા, પીએસઆઈ આર.બી. પરમાર અને પોલીસ સ્ટાફ દ્વારા ટીમ વર્કથી પાર પાડવામાં આવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં શ્રીમતી સાંદ્રા શ્રોફ જ્ઞાનધામ સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી

વાપી : શ્રીમતી સાંદ્રા શ્રોફ જ્ઞાનધામ સ્કૂલ, વાપીમાં ભારત રત્ન ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સ્કૂલના પ્રિન્સિપાલ પ્રવીણ સુબ્રમણ્યન, કો-ઓર્ડિનેટર્સ અમૃતા અજયકુમાર અને સુરભિ રાય તથા વરિષ્ઠ શિક્ષકો દ્વારા ડો. રાધાકૃષ્ણનની તસવીર પર પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. પ્રિન્સિપાલે ચેરપર્સન શ્રીમતી સાંદ્રા શ્રોફ વતી જ્ઞાનધામના સમગ્ર શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં મૂલ્યો અને આત્મવિશ્વાસ કેળવીને તેમને યોગ્ય દિશામાં દોરવા એ શિક્ષકોની મુખ્ય જવાબદારી છે. સ્ટુડન્ટ કેબિનેટ દ્વારા શિક્ષકો પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરતો એક હૃદયસ્પર્શી અને મનોરંજક વીડિયો શો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શિક્ષકો દ્વારા મ્યુઝીકલ ફ્યુઝન રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રોફેશનલ એન્ટરટેનર શ્રી ગણેશ દ્વારા શિક્ષકો માટે રસપ્રદ અને આનંદદાયક ટીમ તથા સિંગલ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું, કાર્યક્રમનું સમાપન ગરબા રાસ સાથે થયું હતું, જેમાં શિક્ષકો અને સ્ટાફે ભાગ લીધો હતો.

દમણ વાપી મુખ્ય માર્ગ પર અજગર જોવા મળ્યો

દમણ : સંઘપ્રદેશ દમણ હદને અડીને આવેલા વાપી તાલુકાના કુંતા ગામ નજીક દમણ વાપી મુખ્ય માર્ગ પર મોડી રાત્રે એક મહાકાય અજગર રસ્તો પસાર કરતો જોવા મળ્યો હતો. રસ્તાની એક બાજુથી બીજી બાજુ ધીમી ગતિએ સરકી રહેલા અજગરના કારણે વાહનચાલકો થોડો સમય માટે થંભી ગયા અને પસાર થઈ રહેલા અજગરને જોઈ તેનો વીડિયો બનાવાનું શરૂ કર્યું હતું. જો કે, અજગરનું શરીર સામાન્ય રીતે ફૂલેલુ જણાતું હોવાથી તેણે અગાઉ કોઈ શિકાર ગળી લીધો હોવાની ચર્ચા પણ સ્થળ પર રહેલા લોકોમાં ચાલી હતી. અજગર રસ્તો ઓળંગી રહ્યો હતો ત્યારે વાહનચાલકોએ પણ સાવચેતી દાખવી તેને કોઈ નુકશાન ન થાય તે રીતે રસ્તો પસાર કરવા માટે પૂરતી જગ્યા આપી હતી. વરસાદી ઋતુ દરમ્યાન આવા વિસ્તારોમાંથી સાપ, અજગર સહિત નાના મોટા સરીસૃપો બહાર આવી રસ્તા કે રહેણાંક વિસ્તાર નજીક જોવા મળતા હોય છે.

સરસીયાની શ્રી રંગ વિદ્યામંદિર દત્ત આશ્રમ શાળાને સન્માનપત્ર એનાયત

ખેરગામ : ખેરગામ તાલુકાના સરસીયામાં આવેલી શ્રી રંગ વિદ્યામંદિર દત્ત આશ્રમ શાળાએ ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં લેવાયેલી ધો.૧૨ની બોર્ડની જાહેર પરીક્ષામાં સામાન્ય પ્રવાહમાં ૧૦૦% પરિણામ હાંસલ કર્યું છે. આદિવાસી બાળકોની આ ઝળહળતી સફળતાથી સમગ્ર નવસારી જિલ્લાની શૈક્ષણિક પ્રગતિમાં યશસ્વી યોગદાન મળ્યું છે. શાળાની આ વિશેષ સિદ્ધિ બદલ શિક્ષણાધિકારી કચેરી, નવસારી તરફથી સંસ્થાને સન્માનપત્ર અર્પણ કરી અભિનંદન પાઠવવામાં આવ્યાં છે. નવસારીના જિલ્લા શિક્ષણાધિકારી જયેશ ચૌધરીએ સન્માનપત્ર એનાયત કરીને શાળા ભવિષ્યમાં પણ આવી જ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિઓ પ્રાપ્ત કરીને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે. શાળા પરિવારે આ સિદ્ધિને લઈને ગૌરવની લાગણી અનુભવી છે.

ઉમરસાડી કોસ્ટલ હાઇવે પર રાત્રે બમ્પર ન દેખાતા મોપેડ ચાલક પટકાયો

પારડી : પારડી તાલુકાના ઉમરસાડી કોસ્ટલ હાઇવે પરથી રિફ્લેક્ટિવ રોડ સ્ટડ ગાયબ થઈ જતા રેડિયન્ટ પટ્ટા ઝાંખા પડી જતાં રાત્રિના સમયે અંધારામાં બમ્પર ન દેખાવાના કારણે મોપેડ ચાલક અકસ્માતનો ભોગ બન્યો હતો. દમણથી વલસાડ તરફ મોપેડ (નંબર GJ 15 DR 9316) લઈને જઈ રહેલા એક યુવાનને ઉમરસાડી કોસ્ટલ હાઇવે પર અંધારાના કારણે બમ્પર નજરે પડ્યું ન હતું. જેના કારણે તે રોડ પર પટકાયો હતો. અકસ્માત સર્જાતાં જ લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અગાઉ લગાવવામાં આવેલા રોડ સ્ટડ સમય જતાં ઉખડી ગયા છે અથવા તો ઝાંખા પડી ગયા છે. આ હાઇવે પર પૂરતી રોશની ન હોવાથી અને બમ્પર પરના રિફ્લેક્ટિવ પટ્ટા સ્પષ્ટ ન દેખાતા હોવાથી અહીં અકસ્માતો સર્જાય છે.

દેશના ઉપરાષ્ટ્રપતિ દાનહ દમણની લઈ શકે છે સંભવિત મુલાકાત

દમણ : દેશના ઉપરાષ્ટ્રપતિ દાનહ દમણની સંભવિત મુલાકાતે આવી રહ્યા રહ્યા હોય તેવી શક્યતા વર્તાય રહી છે. મળતી માહિતી મુજબ, આગામી 11 અને 12 સપ્ટેમ્બરના રોજ દેશના ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન દમણ અને દાનહની સંભવિત મુલાકાતે આવી રહ્યા હોવાની શક્યતાને પગલે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. પ્રવાસ દરમ્યાન ઉપરાષ્ટ્રપતિ દમણ અને દાનહમાં થયેલા વિવિધ વિકાસના કામો અને થઈ રહેલા અન્ય વિકાસના કામોની મુલાકાત લઈ અધિકારીઓ સાથે બેઠક આયોજિત કરી જરૂરી સમીક્ષા કાર્ય પણ કરી શકે છે. જો કે, ઉપરાષ્ટ્રપતિના દાનહ દમણની મુલાકાતની હજી સુધી પ્રશાસન દ્વારા કોઈ સત્તાવાર જાણકારી કે મુલાકાતનું સમયપત્રક હજી સુધી જાહેર કર્યું નથી. જો કે, કાર્યક્રમને આખરી ઓપ મળ્યા બાદ જ ઉપરાષ્ટ્રપતિ ક્યા સ્થળોની મુલાકાત લેશે અને ક્યા કાર્યક્રમમાં તેમની ઉપસ્થિતિ રહેશે તે અંગે સ્પષ્ટતા થશે.

બીલીમોરામાં ગંદકી અને પ્લાસ્ટિક વપરાશ સામે કડક કાર્યવાહી

બીલીમોરા : બીલીમોરા શહેરને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત બનાવવા પાલિકાના આરોગ્ય વિભાગે વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન રસ્તા ઉપર ગંદકી ફેલાવતા જવાબદારો સામે નિયમભંગ બદલ કુલ રૂપિયા ૨૨૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ કરનારાઓ સામે પણ કડક પગલાં લેવામાં આવ્યાં હતાં, જેમાં રૂપિયા ૮,૫૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો. નગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમે શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી નિરીક્ષણ કર્યું હતું અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. ભવિષ્યમાં પણ આ પ્રકારની ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે અને નિયમભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.